તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 18-05-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- ✓ લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટેનો પ્રચાર પડઘમ આજે પૂર્ણ થશે - ઓગણપચ્ચાસ બેઠકો માટે 20 મેના રોજ થશે મતદાન.
- ✓ લોકસભા ચૂંટણી માટે વિવિધ પાર્ટીઓના સ્ટાર પ્રચારકો આજે પ્રચાર મેદાનમાં ઉતર્યા છે
- ✓ ભારતીય વિદેશ મંત્રાલયે કિર્ગિસ્તાનના બિશ્કેકમાં રહેતા વિદ્યાર્થીઓને હુમલાની આશંકાને જોતા બહાર નહીં નીકળવાની સલાહ આપી
- ✓ હરિયાણાના નૂહ જિલ્લામાં બસમાં આગ લાગતા 9નાં મૃત્યુ, 20થી વધુ ગંભીર રીતે દાઝ્યા.
- ✓ અને આજે IPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *CAMPAIGN TODAY _ NOON*

લોકસભાની ચૂંટણીના પાંચમા તબક્કા માટેનો ચૂંટણી પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 49 બેઠકો માટે 20 મેના રોજ મતદાન થશે.

આ સાથે છઠ્ઠા તબક્કા માટે પૂરજોશમાં પ્રચાર ચાલી રહ્યો છે. વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો મતદારોને રિઝવવા માટે તમામ પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે હરિયાણા અને દિલ્હીમાં ચૂંટણી પ્રચાર કરશે. તેઓ હરિયાણાના અંબાલા અને સોનીપતમાં ચૂંટણી સભાઓ સંબોધશે. શ્રી મોદી સાજે ઉત્તર- પૂર્વીય દિલ્હીના કરતારનગરમાં સભા સંબોધશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ઉત્તર પ્રદેશના લલિતપૂર, બાંદામાં પ્રચાર કરશે, તેઓ અમેઠીમાં ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઇરાનીના સમર્થનમાં રોડ શૉ કરશે.

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ ઉત્તર પ્રદેશના બસ્તી અને લખનઉમાં જાહેર સભા કરશે.

તો સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ શ્રાવસ્તી અને ફૈઝાબાદ, સુલ્તાનપુર તેમજ આમ્બેડકર નગરમાં ચૂંટણી સભાઓ સંબોધશે.

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી ઉત્તર પ્રદેશના બારાબંકીમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. તો બહુજન સમાજવાદી પાર્ટીનાં અધ્યક્ષ માયાવાતી બસ્તીમાં સભાને સંબોધશે.ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા આજે હિમાચલના પ્રવાસે છે, તેઓ કાંગડા, ચંબા અને સોલાનમાં ચૂંટણી સભાઓ કરી રહ્યા છે.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *KARGIL-POLLING TEAMS*

કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખમાં આગામી 20 મી એ લોકસભા ચૂંટણી માટે મતદાન થશે, જે અંતર્ગત તમામ 44 મતદાન મથકો માટે આજે કારગિલથી મતદાન ટીમો રવાના કરાઇ હતી. આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારીએ હવાઈદળના હેલિકોપ્ટર દ્વારા ગઈકાલે ફેમા, રાલાકુન અને શેડ જેવા દૂરના વિસ્તારો માટે મતદાન ટીમો મોકલવામાં આવી હતી તેમ પત્રકારોને જણાવ્યું હતું. ચૂંટણીની તૈયારીઓ અંગે સંતોષ વ્યક્ત કરતાં સુચારૂ મતદાન માટે જરૂરી તમામ વ્યવસ્થા કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. તેમણે લોકોને કોઈપણ ડર વગર મતદાન કરવા અપીલ કરી હતી.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PUNJAB,NOMINATIONS FOR LOK SABHA ELECTIONS,*

પંજાબમાં લોકસભા ચૂંટણીના સાતમા અને છેલ્લા તબક્કામાં 1લી જૂને યોજાનાર  મતદાન માટે ઉમેદવારી પત્ર પરત ખેંચ્યા બાદ કુલ 328 ઉમેદવારો મેદાનમાં છે. કુલ 466 ઉમેદવારોએ 598 ઉમેદવારી પત્રો ભર્યાં હતા.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *INDIABLOC-MUMBAI,*

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર તેમના ચૂંટણી ભાષણો દ્વારા લોકોને ઉશ્કેરવા અને સમાજમાં ભાગલા પાડવાનો આરોપ લગાવ્યો છે. મુંબઈમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી ખડગેએ કહ્યું કે, રાજ્યમાં મહાયુતિ સરકાર વિશ્વાસઘાત અને ષડયંત્રના આધારે રચાઈ હતી.

આજે પત્રકાર પરિષદમાં બોલતા, એનસીપીના વડા શરદ પવારે કહ્યું કે ભાજપ બેરોજગારી જેવા સંબંધિત મુદ્દાઓથી લોકોનું ધ્યાન હટાવવા માટે પાકિસ્તાન સાથે ઇન્ડી ગઠબંધનને સાંકળવા જેવી ખોટી વાતો ચલાવી રહ્યું છે. શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ NDA પર પ્રહાર કરતાં તેઓ મહારાષ્ટ્ર રાજ્યને બદનામ કરી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. .

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MEA-ADVISORY BISHKEK*

ભારતે કિર્ગિસ્તાનના બિશ્કેકમાં રહેતા વિદ્યાર્થીઓને બહાર નહીં નીકળવાની સલાહ આપી છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને નિશાન બનાવતા ટોળાની હિંસાના અહેવાલોને પગલે આમ જણાવાયું છે. બિશ્કેકમાં ભારતીય વિદ્યાર્થીઓની સલામતીની ખાતરી આપતા, વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી હોવાનું જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને એમ્બેસી સાથે નિયમિત સંપર્કમાં રહેવાની પણ સલાહ આપી છે, આ સાથે કિર્ગિસ્તાન ખાતેના ભારતીય દૂતાવાસે વિદ્યાર્થીઓ માટે ઇમરજન્સી નંબર- 055-571-0041 જાહેર કર્યો છે.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# ATISHI SWATI MALIWAL

દિલ્હી મહિલા પંચના પૂર્વ અધ્યક્ષ અને રાજ્ય સભા સાંસદ સ્વાતી માલિવાલ સાથેના કથિત દુર્વ્યવહાર કેસમાં દિલ્હી પોલીસે અરવિંદ કેજરીવાલના મુખ્ય સચિવ બિભવ કુમારની અટકાયત કરી છે. અગાઉ દિલ્હીની એઇમ્સ દ્વારા સ્વાતિ માલિવાલનો તબીબી રિપોર્ટ રજૂ કરાયો હતો. જેમાં તેમને ગંભીર ઈજાના નિશાન હોવાનું કહેવામાં આવ્યું છે.

તો આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા આતિશીએ સ્વાતી માલીવાલના દાવાઓને ફગાવી દીધા છે. તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે આજે એક વીડિયો સામે આવ્યો છે, જે સ્વાતી માલિવાલના દાવાઓને નકારે છે. તેમણે આ મામલે ભારતીય જનતા પક્ષ સામે કાવતરું રચવાનો આરોપ મૂક્યો.

ઉલ્લેખનીય છે કે સ્વાતી માલિવાલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના મુખ્ય સચિવ બિભવ કુમાર સામે દુર્વ્યહારનો આરોપ મૂકતા તેમની સામે ફરિયાદ નોંધાવી હતી.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *INDIA- UAE*

ભારતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે અબુધાબીમાં સંયુક્ત આરબ અમીરાતના અધિકારીઓ સાથે મહત્વાકાંક્ષી ભારત-મધ્ય-પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર વિકસાવવા અંગે પ્રથમ સ્તરની વાટાઘાટો કરી હતી. બંને દેશોએ ત્રણ મહિના પહેલા આ પ્રોજેક્ટ સંબંધિત કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. વહાણવટા જળમાર્ગ મંત્રાલય, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, સેન્ટ્રલ બોર્ડ ઑફ એક્સાઇઝ એન્ડ કસ્ટમ્સ અને દીનદયાળ ઉપાધ્યાય કંડલા પોર્ટના વરિષ્ઠ અધિકારીઓની બનેલી આંતર-મંત્રાલયની ટીમે 15 થી 17 મે દરમિયાન UAEના મુખ્ય વહાણવટા બંદરોની મુલાકાત લીધી હતી.

દરમિયાન, ટીમે ખલીફા પોર્ટ, ફુજૈરાહ પોર્ટ અને જેબેલ અલી પોર્ટનાઅધિકારીઓ સાથે આર્થિક કોરિડોર સહિત માલસામાનની સરળ અવરજવર અંગે વિસ્તૃત ચર્ચા કરીહતી. આ પ્રતિનિધિમંડળ UAE કસ્ટમ અધિકારીઓને પણ મળ્યું હતું.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *NUH BUS ACCIDENT*

હરિયાણાના નૂહ જિલ્લામાં જલંધરથી મથુરા જઈ રહેલી એક બસમાં આગ લાગતા 9 લોકોના મોત થયા છે.

અકસ્માતમાં 24 લોકો ગંભીર રીતે દાઝી ગયા છે, જેમને નજીકની હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. બસમાં પંજાબ અને હરિયાણાના 60 મુસાફરો સવાર હતા.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *DUBAI EDUCATION FAIR*

દુબઈમાં ચાલી રહેલા ગલ્ફ ન્યૂઝ શિક્ષણ મેળામાં વિદ્યાર્થીઓને રોજગાર ક્ષેત્રે પ્રોત્સાહન માટે આંતર-વિષયક શિક્ષણ અનિવાર્ય હોવાનું શિક્ષણવિદોએ કહ્યું છે. મણિપાલ યુનિવર્સિટી અને મિડલસેક્સ યુનિવર્સિટીના પ્રતિનિધિઓએ નવાચારના ક્ષેત્રે કાર્યબળની માગ પૂરી કરવા વિશે વાત કરી હતી.

મણિપુર ઉચ્ચતર શિક્ષા અકાદમીના સચિવ, ડૉક્ટર એસ.સુધીન્દ્રાએ ટેક્નૉલોજીમાં આવી રહેલા બદલાવોને જોતા આંતર-વિષયક અભ્યાસ પર ભાર મૂક્યો હતો.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *IMD WEATHER*

હવામાન વિભાગે આગામી 24 કલાકમાં તેલંગાણા, તટિય કર્ણાટક, તમિલનાડુના કેટલાક ભાગો ઉપરાંત કેરળ, લક્ષદ્વીપના કેટલાક ભાગો તેમજ આંદમાન નિકોબાર ટાપુ પર હળવોથી મધ્યમ વરસાદની...જ્યારે કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે.

પૂર્વોત્તર ભારત, વિદર્ભ, મરાઠવાડા, દક્ષિણ અને મધ્ય મહારાષ્ટ્ર ઉપરાંત ગુજરાતના કેટલાક ભાગોમા હળવો વરસાદ થવાની સંભાવના છે.

જોકે ગુજરાત સહિત પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર તેમજ રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં હવામાન શુષ્ક રહેશે, અને ગરમીમાં વધારો થઈ શકે છે.

તો કેરળમાં આગામી કેટલાક દિવસમાં ભારે વરસાદની શક્યતા છે. રાજ્યના પલક્કડ અને મલ્લાપુર જિલ્લાઓમાં ઑરેન્જ અલર્ટ જ્યારે અન્ય છ જિલ્લાઓમાં યલો અલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગે માછીમારોને દરિયો ન ખેડવાની સલાહ આપી છે.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *GUJARAT WEATHER*

ગુજરાતમાં ગરમીનો પ્રકોપ યથાવત છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ગઈકાલે મહત્તમ તાપમાન 44.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદ 44.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે બીજું સૌથી ગરમ શહેર રહ્યું હતું. હવામાન વિભાગે આગામી પાચ દિવસોમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે ગરમી પડવાની સંભાવના વ્યક્ત કરી છે.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PM-GREETINGS TO VP*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને તેમના જન્મ દિવસ પ્રસંગે શુભેચ્છા પાઠવી હતી. શ્રી મોદીએ ઉપરાષ્ટ્રપતિની બંધારણ પ્રત્યેની ઉંડી સમજ, જાહેર સેવા પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા અને તેમના કાયદાકીય અનુભવની સરાહના કરી.

પ્રધાનમંત્રી મોદીએ પૂર્વ પ્રધાનમંત્રી એચ.ડી. દેવગૌડાને પણ જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. શ્રી મોદીએ કૃષિ અને ગ્રામીણ  વિકાસ ક્ષેત્રે તેમના યોગદાનની સરાહના કરી હતી.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *IPL CRICKET*

IPL ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમા મેચ રમાશે.

ગઇકાલે રમાયેલી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સે મુંબઈ ઇન્ડિયન્સને 18 રનથી પરાજય આપ્યો હતો. લખનઉ એ મુંબઈ સામે જીત માટે 215 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો. જેના જવાબમાં મુંબઈની ટીમે 20 ઑવરમાં 196 રન બનાવ્યા હતા.

આ જીત છતાં લખનઉની ટીમ પ્લે ઑફમાંથી બહાર થઈ ગઈ છે. મુંબઈ ઇન્ડિયન્સની ટીમ પહેલાથી જ બહાર થઈ ગઈ છે.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# ***BADMINTON***

બેંગકોકમાં રમાઈ રહેલી થાઇલેન્ડ ઑપન બેન્ડમિન્ટન ટુર્નામેન્ટની પુરુષ ડબલ્સની સેમિફાઇનલમાં ભારતના ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાંઈરાજ રેન્કી રેડ્ડીનો મુકાબલો કોરિયાની ટીમ સાથે થશે. ભારતીય જોડીએ ક્વાર્ટર ફાઇનલમાં મલેશિયાના જુનૈદ આરિફ અને રૉય કિંગ યાપની જોડીને હરાવી હતી.

મહિલા ડબલ્સની સેમી-ફાઇનલમાં આજે ભારતના અશ્વિની પોનપ્પા અને તનીશા ક્રાસ્ટોની જોડી થાઇલેન્ડની મહિલા ડબલ્સની ટીમ સામે રમશે.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *NEPAL _ TRUST VOTE*

નેપાળમાં પ્રધાનમંત્રી પુષ્પ કમલ દહલની સરકાર લઘુમત્તીમાં આવી ગઈ છે. સત્તાપક્ષનુ વિભાજન થતા ઉપેન્દ્ર યાદવના નેતૃત્વ વાળી જનતા સમાજવાદી પાર્ટીએ સમર્થન પાછું લઈ લેતા સરકાર લઘુમતીમાં આવી છે.

નેપાળના પ્રધાનમંત્રી પુષ્પ કમલ દહલે આગામી સોમવારે પ્રતિનિધિ સભાનો વિશ્વાસનો મત લેવા માટે સંઘીય સંસદ સચિવાલયને પત્ર લખ્યો છે. નેપાળમાં બંધારણના અનુચ્છેદ 100ની કલમ 2 અંતર્ગત...જો કોઈ રાજકીય પક્ષ સરકારમાંથી સમર્થન પાછું લે તો પ્રધાનમંત્રીએ 30 દિવસની અંદર વિશ્વાસ મત માટે પ્રતિનિધિ સભામાં પ્રસ્તાવ રજૂ કરવાનો રહે છે.

ઉલ્લેખનીય છે કે, 25 ડીસેમ્બર, 2022ના રોજ નેપાળના પ્રધાનમંત્રી બન્યા બાદ પુષ્પ કમલ દહલ આ ચોથીવાર વિશ્વાસનો મત મેળવશે. તેમણે છેલ્લા ત્રણ વિશ્વાસ મત જીતી લીધા હતા, જોકે તેમના સમર્થનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *CAMBODIA*

વિદેશમંત્રાલયે કંબોડિયા અને દક્ષિણ પૂર્વીય દેશોમાં નોકરી માટે જનારા ભારતીયોને નકલી એજન્ટોથી સાવધાન રહેવા જણાવ્યું છે.

કંબોડિયા અને લાઓસ ખાતેના ભારતીય દૂતાવાસના જણાવ્યા પ્રમાણે આ વિસ્તારમાં સક્રીય નકલી એજન્ટ ભારતીય એજન્ટો સાથે મળીને નકલી કંપનીઓ, ખાસ કરીને સાઇબર ક્રાઇમમાં સામેલ થવાની લાલચ આપી રહ્યા છે. કંબોડિયામાં નોકરી માટે વિદેશ મંત્રાલય દ્વારા માન્ય એજન્ટનો જ સંપર્ક કરવા માટે કહેવાયું છે.

દુબઈ, બેંગ્કોક, સિંગાપુર અને ભારતમાં આ કંપનીઓના એજન્ટ સામાન્ય ઇન્ટરવ્યૂ અને ટાઇપિંગ ટેસ્ટ લઈને યુવાનોને ભરતી કરી રહ્યા છે. યુવાનોને  પરત હવાઈ ટિકીટ, વીઝા, સાથે ઉચ્ચ વેતન, હોટેલ બૂકિંગની ઑફર પણ કરાઈ રહી છે. આ લોકોને ગેરકાયદેસર રીતે થાઈલેંન્ડથી લાઓસ લઈ જઈ તેમને બંધક બનાવવામાં આવી રહ્યા છે.

તા. 18-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *ISRAEL GAZA*

ઇઝરાયેલની સેના એ ગાઝામાંથી ત્રણ બંધકોના મૃતદેહ મેળવ્યા છે.

ઇઝરાયેલ સુરક્ષા દળના જણાવ્યા અનુસાર ગત સાત ઑક્ટોબરે આ બંધકોની હત્યા કરી દેવાઈ હતી. ઇઝરાયેલના સુરક્ષા દળોએ ગઈકાલે એક તપાસ અભિયાન ચલાવ્યુ હતું, જે દરમિયાન આ મૃતદેહો મળી આવ્યા હતા.

પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ આ ખબરને દુખદ ગણાવી હતી. હમાસના બંધૂકધારીઓએ સાત ઑક્ટોબરના રોજ ઇઝરાયેલમાં ઘૂસીને કરેલા હુમલામાં હજારો લોકોના મોત થયા હતા. આ ઉપરાંત તેઓ અઢીસોથી વધુ નાગરિકોને બંધક બનાવીને ગાઝા લઈ ગયા હતા. હમાસના હુમલા બાદ ગાઝામાં 35 હજારથી વધુ નાગરિકોના મૃત્યુ થયા હતા.